# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી                                                    તા. ૮-૪-૨૦૨૩

- **ભાજપા સરકારના પાપે ભાવનગરના બન્ને પ્રોજેકટ કલ્પસર અને રો રો ફેરી સર્વિસ મરણ પથારીએ.**
- **ફિઝીબીલીટી રીપોર્ટ નેગેટીવ હતો છતાં દહેજ-ઘોઘા રો રો ફેરી પ્રોજેક્ટ પાછળ ૬૫૦ કરોડ રુપિયાનુ આંધણ કેમ કરવામા આવ્યુ ?**
- **Hard work અને Harvard ના તફાવતનો વૈજ્ઞાનિક અભિગમ ન સમજનારી સત્તાએ રાજ્યની તેજુરીને ૬૫૦ કરોડની નુકશાની આપી.**
- **દહેજ-ઘોઘા રો રો ફેરી પ્રોજેકટ માટે મોદી સાહેબના ભાષણના શબ્દો સાચા પડ્યા અમે જે શરુ કરીએ તેનુ પુરૂ પણ અમે જ કરીએ છીએ.**

દહેજ-ઘોઘા રો-રો ફેરીનો શિલાન્યાસ 25મી જાન્યુઆરી 2012ના દિવસે તે સમયના ભાજપા સરકારના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યો હતો અને પુર્ણાહુતિ પણ ભાજપા સરકાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળમા જ થઈ.

તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૦૦૮ મા ભાવનગર મા આવીને કહ્યુ હતુ કે કલ્પસર, ધોલેરા સર અને ઘોઘા રો-રો ફેરી અમારા જ કાર્યકાળમાં થશે.અમે જે શરુ કરીએ છીએ તે અમે જ પુરુ કરીએ છીએ.....મોદી સાહેબના શબ્દો સાચા પડ્યા સરખુ શરુ થાય તે પહેલા પુરુ કરી નાખ્યુ,

ભાવનગરની ધરતી પર આવીને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કહેલુ કે મિત્રો હુ નાનપણથી સાંભળતો હતો આ રો રો ફેરી....પણ એ કોઈએ ન શરુ કરી, સારા કામ મારે હાથે જ થવાના બાકી છોડેલા છે અને આ બધા કામ મારે ભાગે જ આવી પડેલા છે. અનેક સરકાર ગઈ અને અહિયા ભાવનગરના અનેક ખેરખા આગેવાનો હતા આવુ કહીને ભાવનગરના મહાનુભાવોનુ હળાહળ અપમાન પણ કર્યુ હતુ.અન્યને ઉતારી પાડવાની આ આદત ભાવનગરની જનતા ભુલી નથી.

દહેજ-ઘોઘા રો રો ફેરી એ ૬૫૦ કરોડ રુપિયાના ખર્ચે તૈયાર થનાર દક્ષિણ એશિયાનો સૌથી મોટો પોતાનો ડ્રીમ પ્રોજેક્ટ ગણાવ્યો. અને વધારામા એ ૨૦૦૮મા એવુ પણ કહ્યુ હતુ કે વિકાસના વાવાઝોડામાં ૧૦ વર્ષ પછીનું ભાવનગર કેવુ હશે એનો કોઈ અંદાજ નહી લગાવી શકે, અરે કલ્પના પણ નહિ કરી હોય એવી હરણફાળ ભાવનગર ભરશે, વિકાસ ડગલા માંડી ને નહિ.... કુદકા માંડીને આગળ વધશે. આજે એપ્રિલ ૨૦૨૩ છે ભાવનગરની શુ પરિસ્થિતીમા છે તે સૌ ભાવેણાવાસીઓ અનુભવ કરી રહ્યા છે.અને ૧૫ વર્ષ પછી તેમના ડ્રીમ પ્રોજેક્ટ દહેજ-ઘોઘા રો રો અને કલ્પસર યોજના બન્ને મરણ પથારીએ છે..

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તાશ્રી મનહર પટેલ યાદ એ સમયને યાદ અપાવતા જણાવે છે કે તત્કાલીન મનમોહનસિંહની સરકાર પર્યાવરણ અને ટેકનિકલ પ્રશ્નોને લઈ દહેજ-ઘોઘા રો રો ફેરી પ્રોજેકટની ફિઝીબીલીટી બેસતી નથી એવા સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો, ત્યારે આ રિપોર્ટને રાજ્ય સરકારના વિકાસના અવરોધ અને અડચણોમા ખપાવી તત્કાલિન કેન્દ્ર સરકારની ગુજરાત સરકારે ટીક્કા કરેલ હતી, અને પરિણામ Hard work અને Harvard ના તફાવતનો વૈજ્ઞાનિક અભિગમ ન સમજનારી સત્તા તેની જનતાને કેટલી નુકશાની આપે છે તેનો આ દાખલો છે.

મરણ પથારીએ પહોચેલી આ બન્ને યોજનાને ભાજપા સરકારના નેતાઓએ પોતાના ડ્રીમ પ્રોજેકટ ગણાવ્યા હતા પરંતુ તેમના માટે સરકારી નાણાનો ઉપયોગ કરી માત્ર સત્તા મેળવવાની નિસરણી સાબિત થઈ, ફિઝીબીલીટી રીપોર્ટ નેગેટીવ હતો છતાં આ પ્રોજેક્ટ પાછળ ૬૫૦ કરોડ રુપિયાનુ આંધણ કેમ કરવામા આવ્યુ ? નિષ્ફળ યોજનાઓ પાછળ જવાબદાર કોણ ? રાજય સરકારમા પડેલ નુકશાની ખાડો કોણ ભોગવશે ? આ ડ્રીમ પ્રોજેકટના સ્વપ્નદ્રષ્ટા ગુજરાતની જનતાને જવાબ આપે.

વૈજ્ઞાનિક અભિગમ અને આધારને અવગણીને રાજ્ય સરકાર પોતાના રાજકીય પક્ષને ફાયદો કરાવવાના ઉદ્દેશથી નાણાનો ગેરઉપયોગ ન કરી શકે. સદરહુ રો રો ફેરી યોજનમા જનતાના ટેક્ષના નાણાના મનઘડત ઉપયોગ બદલ જવાબદારો પર કાનુની રાહે ફરીયાદ દાખલ કરવામા આવે તેમના પર પગલા ભરવામા આવે.

મનહર પટેલ

પ્રવક્તા,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ